**TRUSTEDGE**
**CAPITAL LIMITED**

**May 13, 2026**

**To,**
**Corporate Relations Department**
**BSE Limited**
2nd Floor, P.J. Towers,
Dalal Street,
Mumbai – 400 001

**SCRIP CODE: 532056**

**Subject:** **Newspaper Publication for the Audited Standalone Financial Results of the Company for the quarter and financial year ended on 31st March, 2026- Regulation 47 of Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.**

Dear Sir/Madam,

In compliance with regulation 47 and other applicable provisions of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find herewith enclosed copy of newspaper advertisement published on Wednesday, 13th May, 2026 in the Business Standard (English) and Jai Hind (Gujarati) wherein the Audited Standalone Financial Results of the Company for the quarter and financial year ended on 31st March, 2026 as approved by the Board of Directors of the Company at its meeting held on Tuesday, 12th May, 2026 have been published.

This intimation will also be uploaded on the company's website at www.trustedgecapital.in .

You are requested to take the same on your records.

Thanking you,

Yours faithfully,

**For, Trustedge Capital Limited**
**(Formerly known as Adinath Exim Resources Limited)**

Trustedge Capital Limited Ahmedabad

**Pinkal Mehta**
**Company Secretary & Compliance Officer**
**Membership No.: A59075**

+91 70696 00260 info@trustedgecapital.in www.trustedgecapital.in

**REGI.OFFICE**: OFFICE NO. 308, 3RD FLOOR, BLOCK-B, NAVRATNA CORPORATE PARK, BODAKDEV, AHMEDABAD – 380058, GUJARAT, INDIA.
CIN:L65100GJ1995PLC024300
TRUSTEDGE CAPITAL LIMITED (FORMERLY KNOWN AS ADINATH EXIM RESOURCES LIMITED)

## નાગરિકોને વડાપ્રધાનની અપીલ બાદ હવે ખુદ સરકાર એકશનમાં

# સોના- ઈલેક્ટ્રોનિક સહિતની બિનજરૂરી આયાતો પર નિયંત્રણ આવશે

## પેટ્રોલ-ડિઝલ-ગેસની કોઈ અછત નથી: સરકારની વધુ એક વખત સ્પષ્ટતા

નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્રુડતેલનું આયાત બિલ જે રીતે વધી રહ્યું છે તે સંદર્ભમાં સરકારે સ્પષ્ટતા કરી છે કે દેશમાં પેટ્રોલ-ડિઝલ કે પેટ્રો પેદાશોની કોઈ અછત નથી પરંતુ જે રીતે ક્રુડતેલના ઉંચા ભાવના કારણે આયાત બિલ વધી રહ્યું છે તે સંદર્ભમાં વડાપ્રધાન શ્રી મોદીએ વપરાશ ઘટાડવા માટે અપીલ કરી છે. પેટ્રોલિયમ વિભાગના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ જણાવ્યું હતું કે સરકાર સામાન્ય લોકોને ઓછામાં ઓછી મુશ્કેલીનો સામનો કરવો પડે તે જોવામાં આવી રહ્યું છે. તેઓએ જણાવ્યું કે દેશમાં ક્રુડતેલનો જથ્થો પુરતા પ્રમાણમાં છે. રિફાઈનરીઓ તેની ક્ષમતા મુજબ કામ કરી રહી છે. રીટેલ-પેટ્રોલ પંપ પર પુરતો જથ્થો છે અને કોઈ બંધ થયા નથી તથા એલપીજી સહિતની ગેસ સપ્લાય પણ યથાવત છે. દેશમાં પીએનજીનો ઉપયોગ કરનારે એલપીજી કનેકશન સરન્ડર કરવાનું શરૂ કર્યુ છે અને કુલ ૫૨૦૦૦ જેટલા કનેકશન સરકન્ડર થયા છે.

**આયાત બિલ ઘટાડવા જ કરકસરની વડાપ્રધાનની અપીલ છે**

નવી દિલ્હીઃ છેલ્લા ત્રણ દિવસમાં બીજી વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલની પરીસ્થિતિમાં દેશની વધતી જતી વ્યાપાર-ખાધને સંતુલીત બનાવવા ક્રુડતેલથી સોના આયાત બિલ મોટું કરવા જે રીતે પેટ્રોલ-ડિઝલનો વપરાશ ઘટાડવાથી સોનાની ખરીદી એક વર્ષ મુલત્વી રાખવા સહિતની અપીલ કરી તેમાં હવે ખુદ સરકાર પણ એકશનમાં આવી ગઈ છે અને દિવસમાં નાણા તથા વ્યાપાર મંત્રાલય વચ્ચે બેઠકોનો દૌર શરૂ થયો છે. સરકારની હવે સૌથી મોટી આવશ્યકતા બિનજરૂરી આયાત તથા ડોલરનો ફલો દેશ બહાર જતા ઘટાડવાનો છે અને તે માટે અનેક વિકલ્પો પર વિચારણા શરૂ થઈ છે અને એક-બે દિવસમાં સામાનની આયાત પર નિયંત્રણ આવી શકે છે.સરકાર સૌ પ્રથમ તો ઈંધણના ભાવમાં વધારો કરશે જે

### સરકારી કચેરીઓમાં પણ શકય હોય ત્યાં વર્ક-ફ્રોમ હોમ, સેમીનાર-પરિષદોમાં-વિડીયો કોન્ફરન્સઃ મંત્રીઓ-અધિકારીઓ પ્રવાસ ટાળશે

જાહેરાતો કરવામાં આવશે. વડાપ્રધાન કાર્યાલય આ અંગે નાણા-વ્યાપાર મંત્રાલય તથા રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા સાથે સંતલત કરી રહ્યું છે.

ખાસ કરીને બિનજરૂરી આયાત- સોનાથી લઈ ઈલેક્ટ્રોનીક- હવે તૈયારી જ છે. સરકાર ક્રુડતેલ આયાત ઘટાડવા કોઈ પગલા લેશે નહી પણ તેનો વપરાશ ઘટાડવા ખાસ કરીને સરકારી તંત્ર જે મોટાપાયે પેટ્રોલીયમ પેદાશોનો ઉપયોગ કરે છે તેમાં ઘટાડો કરવા સરકારી કચેરીઓમાં જયાં શકય હોય ત્યાં વર્ક ફ્રોમ હોમ કે ઘર-ઓફિસમાં કામકાજનું હાઈબ્રીડ મોડેલ અપનાવી શકે છે. હાલ તમામ સરકારી મીટીંગ- સંમેલન મુલત્વી રખાશે અને વિડીયો કોન્ફરન્સથી કામ ચલાવવા જણાવાશે. કઈ બિન આવશ્યક આયાત પર પુરી રીતે પ્રતિબંધ મુકી શકાય છે તેની યાદી વ્યાપાર મંત્રાલય તૈયાર કરી રહ્યું છે. આજ રીતે ખાનગી કંપનીઓ સંસ્થાઓને વર્ક ફ્રોમ હોમ ને તાત્કાલિક સમયમાં મુકવા જણાવાશે. જો કે લીબરાઈઝ રેમીટન્સ સ્કીમ હેઠળ ૨.૫ લાખ ડોલર સુધી નાના ભારતીયોને વિદેશ પ્રવાસમાં લઈ જવાની છુટ છે તે યથાવત રહેશે.આ જ રીતે રાજય સરકારોને પણ તેની કચેરીઓથી લઈ શાળા વિ.માં વર્ક ફ્રોમ હોમ- લર્ન ફ્રોમ હોમ જેવી સીસ્ટમ કાયમી રીતે સ્થાપવા જણાવાશે. સરકારી સેમીનાર કે બેઠકો વિડીયો કોન્ફરન્સથી યોજાય તથા સરકારી અધિકારીઓ માટે અલગ અલગ કારને બદલે કાર-પુલ બનાવવા જણાવાશે જેથી વધારાના સાહસોનો ઉપયોગ વૈકલ્પિક બનશે. મંત્રીઓ તથા અધિકારીઓના બિનજરૂરી પ્રવાસો ટાળવા પણ સૂચના અપાશે. જો કે તે તમામ લાંબા ગાળે પરિણામ આપી શકે છે.



## પીએમ મોદી સહિત દિગ્ગજ નેતાઓની હાજરીમાં

# હિમંતા બિસ્વા સરમાએ બીજી વખત રાજયના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

આસામ,તા.૧૨

આસામ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીત બાદ આજે હિમંતા બિસ્વા સરમાએ બીજી વખત રાજયના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. આ સાથે જ તેઓ આસામમાં સતત બે કાર્યકાળ સુધી મુખ્યમંત્રી બનનારા પ્રથમ બિન-કોંગ્રેસી નેતા બની ગયા છે. ગુવાહાટીમાં યોજાયેલા ભવ્ય શપથ ગ્રહણ સમારોહમાં રાજયપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યએ તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા.

આસામમાં આ NDA સરકારનો સતત ત્રીજો કાર્યકાળ છે, જે અગાઉ ૨૦૧૬માં સર્બાનંદ સોનોવાલ અને ૨૦૨૧માં હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વમાં શરૂ થયો હતો.

આ શપથ ગ્રહણ સમારોહમાં પીએમ મોદી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીન પણ હાજર રહ્યા હતા. હિમંતા બિસ્વા સરમાની સાથે રામેશ્વર તેલી, અતુલ બોરા, ચરન બોરો અને અજંતા નિયોગ જેવા દિગ્ગજ નેતાઓએ પણ મંત્રી પદના શપથ લીધા હતા. આ પ્રસંગે ભાજપ શાસિત અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ અને ઉપમુખ્યમંત્રીઓએ હાજરી આપીને કાર્યક્રમની શોભા વધારી હતી.હિમંતા બિસ્વા સરમાનો રાજકીય પ્રવાસ અત્યંત પ્રેરણાદાયી રહ્યો છે. તેમનું શિક્ષણ ગુવાહાટીમાં થયું છે, જ્યાં તેમણે રાજનીતિ વિજ્ઞાનમાં MA અને ત્યારબાદ ગુવાહાટી યુનિવર્સિટીમાંથી પીએચડીની પદવી મેળવી છે.

**અગાઉ ૨૦૧૬માં સર્બાનંદ સોનોવાલ અને ૨૦૨૧માં હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વમાં શરૂ થયો હતો**

તેમણે થોડો સમય હાઈકોર્ટમાં વકીલાત પણ કરી હતી. તેમની રાજકીય કારકિર્દી કોટન કોલેજમાં છાત્ર સંઘના મહાસચિવ તરીકે શરૂ થઈ હતી. ૧૯૯૦ના દાયકામાં કોંગ્રેસમાં જોડાયા બાદ તેઓ ૨૦૦૧માં જાલુકબારી બેઠક પરથી પ્રથમવાર ધારાસભ્ય બન્યા હતા અને ત્યારથી આ બેઠક પર સતત જીતતા આવ્યા છે.વર્ષ ૨૦૧૫માં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા બાદ હિમંતા બિસ્વા સરમાએ પૂર્વોત્તર ભારતમાં ભાજપને મજબૂત કરવામાં પાયાની ભૂમિકા ભજવી છે. તેમને 'નોર્થ ઈસ્ટ ડેમોક્રેટિક એલાયન્સ' (NEDA)ના સંયોજક બનાવવામાં આવ્યા હતા, જ્યાં તેમણે પ્રાદેશિક પક્ષોને ભાજપ સાથે જોડીને પૂર્વોત્તરમાં ભગવો લહેરાવવામાં સફળતા મેળવી હતી. રાજકીય વિશ્લેષકો માને છે કે પૂર્વોત્તરમાં ભાજપના વધતા પ્રભાવ પાછળ સરમાની સચોટ વ્યૂહનીતિ અને સખત મહેનત સૌથી મોટું કારણ છે.

# એપ્રિલમાં છૂટક ફુગાવો ૦.૦૮% વધીને ૩.૪૮ ટકા થઈ ગયો

નવીદિલ્હી તા.૧૨

રાષ્ટ્રીય આંકડાકીય સંગઠનના ડેટા અનુસાર એપ્રિલ માટે ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ એટલે કે, ૐ પર આધારિત વાર્ષિક ફુગાવાનો દર ૩.૪૮% હતો. ગ્રામીણ અને શહેરી વિસ્તારો માટે અનુરૂપ ફુગાવાનો દર અનુક્રમે ૩.૭૪% અને ૩.૧૬% હતો. ગયા મહિને, રિઝર્વ બેંકે ૨૦૨૬-૨૭ માટે ૐ ફુગાવાનો અંદાજ ૪.૬% રાખ્યો હતો, જેમાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૪% રહેવાની ધારણા છે. બેંકે એમ પણ કહ્યું કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને સંભવિત અલ નીનો પરિસ્થિતિઓથી ઊર્જાના ભાવ ઊંચા રહે છે. જે ફુગાવા માટે જોખમો ઉભા કરે છે.

ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો થવાથી એપ્રિલમાં છૂટક ફુગાવામાં થોડો વધારો થયો છે. એપ્રિલમાં છૂટક ફુગાવો ૦.૦૮ ટકા વધ્યો છે. ઓક્ટોબરથી ફુગાવો સતત વધી રહ્યો છે. ફુગાવાનો આ સતત છઠ્ઠો મહિનો છે. જોકે, ફુગાવો ઈંમ્ના ૪ ટકાના સહનશીલતા સ્તરથી નીચે રહે છે. નિષ્ણાતો માને છે કે જો મધ્ય પૂર્વ સંકટ લાંબા સમય સુધી ચાલુ રહેશે. તો આગામી દિવસોમાં ફુગાવામાં નોંધપાત્ર વધારો થઈ શકે છે.સરકારી આંકડા અનુસાર, દક્ષિણ ભારત સૌથી ગંભીર ફુગાવાનો સામનો કરી રહ્યું છે. તેલંગાણામાં છૂટક ફુગાવો ૫.૮૧ ટકા છે, જ્યારે ખાદ્ય ફુગાવો ૯ ટકાને વટાવી ગયો છે. આંધ્રપ્રદેશમાં છૂટક ફુગાવો ૪.૨૦ ટકા છે અને ખાદ્ય ફુગાવો ૫.૪૩ ટકા છે. તમિલનાડુમાં છૂટક ફુગાવો ૪.૧૮ ટકા છે અને ખાદ્ય ફુગાવો ૫.૪૩ ટકા પર પહોંચી ગયો છે. એપ્રિલમાં કર્ણાટકમાં છૂટક ફુગાવો ૪ ટકા અને ખાદ્ય ફુગાવો ૯.૦૮ ટકા જોવા મળ્યો હતો, જ્યારે રાજસ્થાનમાં છૂટક અને ખાદ્ય ફુગાવો ૪ ટકાથી નીચે જોવા મળ્યો હતો.

**ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો જોવા મળ્યો**

# યમુના નદીમાં નાહવા ગયેલા ૪ લોકો ડૂબ્યા

આગ્રા,તા.૧૨

આગ્રાથી એક હચમચાવતી ઘટના સામે આવી છે. આગ્રાના એત્માદ્દૌલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મંગળવારે એક છોકરો, બે કિશોરીઓ અને એક નાનું બાળક યમુનામાં નાહવા માટે ગયા હતા, ત્યારે અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. નદી કિનારે હાજર લોકોએ ચીસો સાંભળી તરત જ બચાવવા માટે દોડી આવ્યા હતા, એક છોકરાને તથા બે કિશોરીઓને બહાર કાઢી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યારે એકની શોધખોળ ચાલી રહી છે.

યમુનામાંથી બહાર કાઢવામાં આવેલા ત્રણેયની હાલત ગંભીર હતી. પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી તેમને તરત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ત્રણેયના મોત થયા હતા. આ દુર્ઘટના બાદ પરિવારજનોમાં માતમ છવાઈ ગયો છે.હજુ સુધી નાના બાળકનો પત્તો લાગ્યો નથી. ઘટનાની જાણ થતાં જ પોલીસ, સ્થાનિક પ્રશાસન અને ડાઈવર્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને બાળકની શોધ માટે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું છે. નદીમાં પાણીનો પ્રવાહ અને ઊંડાઈ વધુ હોવાથી બચાવ કાર્યમાં મુશ્કેલી આવી રહી છે. ડાઈવર્સ સતત બાળકની શોધમાં લાગેલા છે.

આ દુર્ઘટનાની જાણ થતાં જ યમુના કિનારે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા. પોલીસે લોકોને નદી કિનારે જવા ન દેવા માટે સુરક્ષા વ્યવસ્થા કડક કરી છે. સ્થાનિક લોકો કહે છે કે, ગરમી વધતા મોટી સંખ્યામાં લોકો યમુનામાં નાહવા માટે આવે છે, પણ નદીના ઘણા ભાગોમાં ઊંડાઈ વધુ હોવાથી આવા અકસ્માતો થવાની શક્યતા રહે છે. પોલીસે લોકોને સાવચેતી રાખવા અને ઊંડા પાણીમાં ન જવા અપીલ કરી છે.

**સારવાર દરમિયાન ૩નાં કરુણ મોત**


**નામ બદલાવેલ છે**

હું અવની નીરવ કારિયા આથી જાહેર કરૂ છું કે મારૂ નામ અવનીબહેન જગદીશચંદ્ર કાનાબાર માંથી બદલીને અવની નીરવ કારિયા કર્યુ છે.

**અવની નીરવ કારિયા**
બી-૯૦૨, શરણ્ય સ્કાયવ્યુ, ટાઈમ્સ સ્કવેર સામે, બાગબન પાર્ટીપ્લોટ પાસે, થલતેજ, અમદાવાદ – ૩૮૦૦૫૯.



**પંજાબ નૈશનલ બૈંક punjab national bank**
pnb એઆરએમબી, ત્રીજા માળે, વિજળીઘર પાસે, લાલદરવાજા, અમદાવાદ - ૩૮૦૦૦૧. E-mail: cs4517@pnb.bank.in

**પરિશિષ્ટ-IV, [અંતર્ગત નિયમ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

આથી નિમ્નનિર્દિષ્ટ પંજાબ નેશનલ બેંક, ના અધિકૃત અધિકારીએ સરફેસી એક્ટ-૨૦૦૨ (૨૦૦૨નો અધિનિયમ નં. ૫૪) હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-૨૦૦૨ (૨૦૦૨નો ૫૪મો) ની સત્તાની રૂએ કલમ ૧૩(૧૨) સાથે વંચાતા રૂલ ૩, સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ તા. ૦૯.૧૦.૨૦૨૫ ના રોજ માંગણા નોટીસ મોકલી અને તે ઉપરાંત અગ્રણી વર્તમાન પત્ર બીઝનેસ સ્ટાન્ડર્ડ - અમદાવાદ (અંગ્રેજી) અને જયહિંદ - અમદાવાદ (ગુજરાતી)માં તા. ૧૬.૧૦.૨૦૨૫ અને તે ઉપરાંત નવી દીલ્હી વર્તમાન પત્ર બીઝનેસ સ્ટાન્ડર્ડ - નવી દીલ્હી (હિન્દી અને અંગ્રેજી) આવૃત્તીમાં પ્રસીધ્ધ કરી કરજદાર/જામીનદાર/ગીરોદાર સીમકોન ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. અને શ્રી મનોજ મીરંડા (ડાયરેક્ટર અને ગીરોદાર અને જામીનદાર) અને શ્રી યોગેશ ગોર (ડાયરેક્ટર અને ગીરોદાર અને જામીનદાર) અને શ્રી અક્ષત શુકલા (ડાયરેક્ટર અને જામીનદાર) અને શ્રીમતી વૈશાલી ગોર (ગીરોદાર અને જામીનદાર) ખાતા નં. ૫૧૯૪૦૦૮૭૦૦૦૦૧૧૮ ને નોટીસમાં જણાવેલ રૂા. ૩,૦૭,૫૮,૫૦૫.૮૩ (અંકે રૂા. ત્રણ કરોડ સાત લાખ અઠ્ઠાવન હજાર પાંચસો પાંચ અને ત્યાંશી પૈસા પુરા) બાદ વસૂલાત જો હોય તો, તેની સાથે સંપૂર્ણ વસૂલાત અને / અથવા ચૂકવણી ન થાય ત્યાં સુધીનું આગળનું વ્યાજ, આકસ્મીક ખર્ચાઓ, કોસ્ટ્સ, ચાર્જીસ વગેરે આ નોટીસ મળ્યાની તારીખથી/નોટીસની તારીખથી ૬૦ દિવસોમાં ચુકવવા માટે જણાવેલ હતું.

કરજદારો/જામીનદારો/ગીરોદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોઈ, આથી કરજદારો/જામીનદારો/ગીરોદારો અને આમજનતાને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે જણાવેલ કાયદાની કલમ ૧૩ની પેટા કલમ(૪) સાથે જણાવેલ નિયમો વાંચતા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ-૨૦૦૨ ના નીયમ ૮ હેઠળ તેમને/તેણીને મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ મિલકતનો તારીખ ૧૦.૦૫.૨૦૨૬ ના રોજ પ્રત્યક્ષ કબજો લઈ લીધેલ છે.

તારણમાં મુકેલ મિલકતને છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈ અનુસાર કરજદાર / જામીનદાર / ગીરોદારને આમંત્રિત કરવામાં આવે છે.

આથી ખાસ કરીને કરજદાર/જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલ મિલકતનો સોદો કે વેચાણને લગતી કાર્યવાહી કરવી નહીં અને કોઈપણ પ્રકારનો વ્યવહાર કરેલ હશે તો તે પંજાબ નેશનલ બેંક નાં રૂા. ૩,૦૭,૫૮,૫૦૫.૮૩ (અંકે રૂા. ત્રણ કરોડ સાત લાખ અઠ્ઠાવન હજાર પાંચસો પાંચ અને ત્યાંશી પૈસા પુરા) તા. ૦૮.૧૦.૨૦૨૫ સુધી બાદ વસૂલાત જો હોય તો, અને તેના પરનુ આગળનું વ્યાજ અને ખર્ચાઓને આધીન રહેશે.

**જંગમ મિલકતનું વર્ણન**

સ્થાઈ મિલકતનો તમામ ભાગ અને હીસ્સો, રો-હાઉસ ટાઈપ ડી/૧, રો-હાઉસ નં. ૪૩, માપ આશરે ૮૩.૭૩ ચો.વાર પ્લોટ એરીયા અને જમીનનો અવિભાજીત ભાગ જેનું માપ ૪૭.૫૫ ચો.વાર કુલ માપ આશરે ૧૩૧.૨૮ ચો.વાર તેની સાથે ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળ પરનું બાંધકામ, દાદરા, કેબીન અને માપ આશરે ૧૪૪.૨૮ ચો.વારનાં ટેરેસ હક્ક સાથે, સ્કીમ મોનાર્ક સીટી-૨, બ્લોક નં. ૨૫૯, ૨૫૯ પૈકી ૧,૨૬૦ પૈકી, બ્લોક નં. ૨૬૧ અને બ્લોક નં. ૨૬૩ પૂર્વ બાજુએ જમીન, મૌજે ગામ શેલા, તાલુકા સાણંદ, જીલ્લો અમદાવાદ, પેટા જીલ્લો સાણંદ ખાતે આવેલ મિલકત. માલીકીઃ શ્રી યોગેશ દીપીલભાઈ ગોર અને શ્રીમતી વૈશાલી યોગેશ ગોર. સીમકોન ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. ની આ મિલકત ગીરોખત નં. ૧૩૪૩૯/૨૦૨૨ હેઠળ ગીરો મૂકેલ છે. ચતુર્સીમાઃ પૂર્વઃ આંતરિક રોડ, પશ્ચિમઃ રો-હાઉસ નં. ડી/૨ ટાઈપ ઘર નં. ૫૨, ઉત્તરઃ રો-હાઉસ નં. ડી/૨ ટાઈપ ઘર નં. ૪૨, દક્ષિણઃ રો-હાઉસ નં. ડી/૨ ટાઈપ ઘર નં. ૪૪.

તા. ૧૦.૦૫.૨૦૨૬, સ્થળઃ અમદાવાદ સહી/- અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક


## દેશભરના રેલવે પેન્શનર્સ માટે ગુડ ન્યુઝઃ મોંઘવારી રાહતમાં ૨ ટકાનો વધારો

નવી દિલ્હી તા.૧૨

દેશભરના લાખો પેન્શનર્સ અને ફેમિલી પેન્શનર્સ માટે મોટા ખુશ ખબર છે. કેન્દ્ર સરકારે રેલવે પેન્શનર્સને મળનારી મોંઘવારી રાહત એટલે કે ડીઅરનેસ રિલીફ (ડીઆર)માં બે ટકાનો વધારો કરી દીધો છે. હવે ડીઆરને ૫૮ ટકામાંથી વધારીને ૬૦ ટકા કરી દેવામાં આવ્યુ છે. સરકારના આ નિર્ણયથી દર મહિને પેન્શનર્સના ખાતામાં વધુ રકમ જમા થશે. ખાસ બાબત એ છે કે આ વધારો ૧ જાન્યુઆરી ૨૦૨૬થી લાગુ માનવામાં આવશે. એટલે કે પેન્શનર્સને ગત મહિનાઓનું એરિયર પણ મળશે.

રેલવે પેન્શનર્સને આનાથી શું ફાયદો થશે? એટલે કે જે પેન્શનરનું બેઝીક પેન્શન ૧૦ હજાર રૂપિયા છે, તો પહેલા તેને ૫૮ ટકા ડીઆરના હિસાબે કુલ રૂપિયા ૧૫૮૦૦ પેન્શન મળતું હતું, હવે ૬૦ ટકા ડીઆર લાગુ થયા બાદ તેને દર મહિને ૧૬૦૦૦ રૂપિયા મળશે એટલે કે દર મહિને ૨૦૦ રૂપિયા વધુ મળશે, આજ રીતે જેનું બેઝીક પેન્શન રૂા.૭૦ હજાર રૂપિયા છે તો તેનું કુલ પેન્શન હાલમાં રૂા.૧,૧૦,૬૦૦ છે તે વધીને ૧,૧૨,૦૦૦ થઈ જશે એટલે કે તેમને દર મહિને રૂા.૧૪૦૦નો વધારો મળશે.

ઉલ્લેખનીય છે કે ૧૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડાપ્રધાન મોદીએ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સને વધારાના ડીએ અને ડીઆર હપ્તાને મંજુરી આપી હતી. નાણામંત્રાલય મુજબ આ નિર્ણયથી લગભગ ૫૦.૫૬ લાખ કેન્દ્રીય કર્મચારી અને ૬૮.૨૭ લાખ પેન્શનર્સને ફાયદો થશે. આ નિર્ણયથી સરકારની તિજોરી પર વર્ષે વધારાનો લગભગ રૂા.૬૭૯૧.૨૪ કરોડનો બોજ આવશે.

### જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં ભીષણ આગ લાગી

જમ્મુ,તા.૧૨

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં ભીષણ આગ લાગી ઘટના સામે આવી છે.ફાયરના અધિકારીએ જણાવ્યું હતું કે, અનંતનાગના કોર્ટ રોડ પર આવેલા ફૈઝાન બાબા હૈદર ઋષિ દારૂલ ઉલૂમમાં આગ લાગી હતી, જેમાં ૩ છોકરાઓ દાઝી ગયા હતા. તેમણે કહ્યું હતું કે, ઈજાગ્રસ્તોમાંથી એક બિલાલ અહેમદનું હોસ્પિટલમાં મૃત્યુ થયું છે.ફાયર વિભાગે આગ પર કાબુ મેળવી લીધો છે અને કારણની તપાસ કરવામાં આવી રહી છે. અહેવાલ અનુસાર, કોર્ટ રોડ પર આવેલી મદરેસામાં આ આગ લાગી હતી. આગ લાગી ત્યારે વિદ્યાર્થીઓ ગાઢ નિંદ્રામાં હતા. આગ ઝડપથી મદરેસમાં ફેલાઈ ગઈ હતી.

### ક્રુડતેલ ભાવ એક વર્ષ હજુ ૧૦૦ ડોલર આસપાસ જ રહેશેઃ અરામકો

દુબઈ:

ઈરાન-અમેરિકા વચ્ચે યુદ્ધ વિરામ વચ્ચે પણ લંબાતી જતી વાટાઘાટો તથા બન્ને દેશો હજું કોઈ એક મુદા પર સંમત થયા નથી તેથી હોર્મુઝ જળમાર્ગ બંધ છે અને ક્રુડતેલના ૨૦% વૈશ્વિક વ્યાપારને અસર થઈ રહી છે તે વચ્ચે સાઉદી અરેબીયાની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી અરામકોના સીઈઓ અમીત નજીરે ચેતવણી આપી છે કે હોર્મુઝ જળમાર્ગ બંધ થવાથી હાલ ક્રુડ ઓઈલ માર્કેટમાં જે અવ્યવસ્થાની સ્થિતિ સર્જાઈ છે તે ૨૦૨૭ સુધી ચાલી શકે છે. હોર્મુઝ જળમાર્ગ બંધ છે તેનાથી પુરવઠાથી ભાવની સ્થિતિને અસર થઈ રહી છે. હાલ પણ હોર્મુઝ જળમાર્ગ ખુલી જાય તો પણ ક્રુડતેલ બજારને સ્થિર થતા ખૂબજ લાંબો સમય લાગશે અને ભાવ ઉંચા જ રહેશે.


**જાહેર નોટીસ**

અમો અરવિંદકુમાર અચલચંદ લુકડ, તારીખ. ૨૯/૪/૨૦૨૬ ના રોજ ભદ્રકાળી મંદિરે દર્શન કરવા ગયેલ ત્યારે સવારે ૧૦-30 વાગ્યાની આસપાસ મંદિરેથી ઘીકાંટા, દૂધવાળી પોળ ખાતે અમારી માલીકીની મીલકત ઉપર એકટીવા સ્કુટર ઉપર તેમાં આવેલ હેન્ડલમાં એક પ્લાસ્ટીકની હેન્ડલ બેગ-થેલી ભરાવેલી જેમાં મીલકતના દસ્તાવેજ સાહિત્ય મુકેલા જે થેલી ભદ્રકાળી મંદિરથી કારંજ પો.સ્ટેશન પાસે ફ્રુટ લેવા ઉભા રહેલ તે વખતે રસ્તામાં કયાંક પડી ગયેલાની અમોને જાણ થયેલ જે થેલીમાં અમારી મીલકતનો વેચાણ દસ્તાવેજ અનુ.નં-૪૭૧૯, સને-૧૯૮૩ નો અસલ તથા મીલકતના મ્યુ.ટેક્ષ બીલો, લાઈટ બીલો ઈત્યાદી હતા જે થેલી પડી જવાની અમોને જાણ થતાં અમોએ કારંજ પો.સ્ટેશનના રસ્તા ઉપર ખૂબ જ શોધખોળ કરી હોવા છતાં અમોને મળી આવેલ નથી. તો ઉપરોકત અસલ ડોકયુમેન્ટસ ઉપર કોઈ વ્યકિત/સંસ્થા/બેન્કને વાંધો, દાવો, તકરાર, બોજો, ચાર્જ, લોન, હકક, અધિકાર હોય તો અમોને દિન-૭ માં લેખિતમાં જાણ કરવી અને જો નોટીસની સમય મર્યાદામાં લેખિતમાં જાણ કરવામાં નહીં આવે તો અમારા અસીલ આગળની કાર્યવાહી કરશે અને અમો સદરહુ મીલકતનુ એન.ઓ.સી. ઈસ્યુ કરીશુ. જેની નોંધ લેવી.

એડવોકેટ, **પ્રશાંત પી. જોબાલીયા**
તારીખ. 12/05/2026 બંગલા નં-૮, બંસીધર સોસાયટી, જવાહરનગર પાછળ,
અમદાવાદ. ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭. (મો).૯૪૨૬૭૫૪૫૮૯



**Metroglobal Limited**
STRIVING FOR EXCELLENCE...

રજી. ઓફિસઃ ૫૦૬-૫૦૯, શીલ્પ, ગીરીશ કોલ્ડ ડ્રીંક્સ સામે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત.
CIN: L21010GJ1992PLC143784 વેબસાઈટઃ www.metrogloballimited.com ઈ-મેઈલઃ cs@metroglobal.in

**૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સમાપ્ત થયેલા ત્રિમાસીક અને નાણાંકિય વર્ષ માટે ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાંકિય પરિણામોનું નિવેદન**

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે, સોમવાર, ૧૧મે, ૨૦૨૬ના રોજ યોજાયેલી તેની મીટિંગમાં, ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ માટે ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોને, અસંશોધિત અભિપ્રાયો સાથે તેના ઓડિટર્સના રિપોર્ટને રેગ્યુલેશન ૩૩ના સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ મંજૂરી આપી અને તેને રેકોર્ડ પર લીધા. વધુમાં, બોર્ડે વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમ માટે આનુષંગિક અને જરૂરી અન્ય બાબતો અને નોંધોને ધ્યાનમાં લીધા અને મંજૂર કર્યા. રિપોર્ટની સાથે પરિણામો કંપનીની વેબસાઇટ પર https://www.metrogloballimited.com/quarterly-and-half-yearly-reports/ પોસ્ટ કરવામાં આવ્યા છે અને આપેલા ક્યૂઆર કોડને સ્કેન કરીને તેને જોય શકાય છે.

**Extract of Audited Standalone and Consolidated Financial Results (₹ in Lakhs)**

| Sr. No. | Particulars | STANDALONE | | | CONSOLIDATED | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended 31.03.2026 Audited | Quarter Ended 31.12.2025 Unaudited | Year Ended 31.03.2026 Audited | Quarter Ended 31.03.2026 Audited | Quarter Ended 31.12.2025 Unaudited | Year Ended 31.03.2026 Audited |
| 1 | Total Income | 3,686.84 | 7,017.68 | 24,551.93 | 3,745.85 | 7,018.69 | 24,663.48 |
| 2 | Net Profit / (Loss) before tax* | 941.28 | 977.85 | 3,040.51 | 1,121.58 | 974.66 | 3,103.22 |
| 3 | Net Profit / (Loss)after tax* | 668.88 | 690.01 | 2,150.81 | 844.75 | 589.76 | 2,209.09 |
| 4 | Earnings Per Share - Basic and Diluted | 5.42 | 5.59 | 17.44 | 6.85 | 4.78 | 17.91 |

*(after Exceptional and / or Extraordinary Items)

મેટ્રોગ્લોબલ લીમીટેડ વતી,
સહી/-
શ્રી ગૌતમ એમ. જૈન
(ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર – ડીનઃ ૦૦૧૬૦૧૬૭)

તારીખઃ મે ૧૩, ૨૦૨૬
સ્થળઃ અમદાવાદ



**TRUSTEDGE CAPITAL LIMITED**

(Formerly known as Adinath Exim Resources Limited)
CIN: L65100GJ1995PLC024300
Office No. 308, 3rd Floor, Block-B, Navratna Corporate Park, Bodakdev, Bopal, Ahmedabad, Daskroi- 380058, Gujarat, India.
Ph.: 6351738619, E-mail: cs@trustedgecapital.in, Website: www.trustedgecapital.in

**EXTRACTS OF AUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31ST MARCH, 2026**

The Full format of the audited standalone financial results for the quarter and year ended 31st March 2026 are available on the Stock Exchnage website (www.bseindia.com) and on the Company's website (www.trustedgecapital.in). The same can be accessed by scanning the QR Code provided below.

Place : Ahmedabad
Date : 12.5.2026

By Order of the Board
For Trustedge Capital Limited
(Formerly known as Adinath Exim Resources Limted)
Sd/-
Manoj S. Savla
Chairman & Managing Director - DIN: 01529306